જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । રવિવાર । તા. ૨૮-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૧૧ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ઘોઘાથી મુખ્યમંત્રીએ રોપેક્સ ફેરીને લીલીઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો

વડાપ્રધાનના હસ્તે દહેજ – ઘોઘા રોરો ફેરીનો પ્રારંભ થવા પામ્યો હતો.વધુમાં મુસાફરો માટે ઈકોનોમી,બિઝનેસ તેમજ એક્ઝીક્યુટીવ ક્લાસની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે.આજ રોજ ઘોઘા બંદરે થી રોપેક્સ ફેરીના જહાજને લીલી ઝંડી આપી તેમાં સવાર થઈ દહેજ ખાતે મુખ્યમંત્રી આવી પહોંચ્યા હતા.ફેરી સેવાને પગલે દહેજ ઘોઘા વચ્ચેના ૩૬૦ કિલોમીટર નો સડક માર્ગનું અંતર ઘટીને દરિયાઈ માર્ગે માત્ર ૩૧ કી.મી. માં તબદીલ થઈ જશે તેમ ગુજરાતના મુખ્ય મંત્રી વિજય રૂપાણીએ જણાવ્યુ હતુ.

સદર પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં વધુ સમય લાગતા પ્રથમ ચરણમાં ૨૨ મી ઓક્ટોબર ૨૦૧૭ ના વડાપ્રધાન માત્ર મુસાફર માટેની રોરો ફેરી સર્વિસનું લોકાર્પણ કરી શક્યા હતા.જ્યારે આજરોજ બીજા તબક્કામાં ઘોઘા ખાતે થી વાહનો તેમજ મુસાફરોની રોપેક્સ ફેરી સેવાને પ્રસ્થાન કરાવી જહાંજ માંજ વાગરાના દહેજ બંદરે આવી પહોંચ્યા હતા.રોપેક્સ ફેરીની શરૂઆત થતા દહેજ અને ભાવનગર વચ્ચે અવર જવર કરવા ઈચ્છતા લોકો અને વાહન ચાલોકોના સમય,ઈંધણ અને નાણાંની બચત થશે.



સદર ફેરીને સુવિધા સજ્જ કરવા માટે કોરિયા જહાંજ થી આયાત કરવામાં આવ્યુ હતુ.જહાજ ૬૦ ટ્રક,૩૫ કાર,ઉપરાંત બાઈક તેમજ ૫૨૫ મુસાફરો એક સાથે લઈ જવાની કેપેસિટી ધરાવે છે.

સુરત મહાનગરપાલિકાની વિનાશકાળે વિપરીત બુદ્ધિ?

સિંચાઇ વર્તળ વિભાગના કૌભાંડના કારણે પાળો બનાવવા માટે તંત્રના ગલ્લા તલ્લા !: અડાજણમાં સંભવિત પર માટે જવાબદાર કોણ ?











સુરત.

સુરત શહેરમાં પોશ વિસ્તાર તરીકે અડાજણ વિસ્તાર પણ ખુબ જ જાણીતો છે. જે બાબતે રાંદેર ઝોનની વેરાની આવકની દ્રષ્ટિએ પણ અડાજણ ખુબ જ જાણિતો વિસ્તાર છે. પણ ૨૦૦૬માં સુરતમાં આવેલ વિનાશકારી પુરના કારણે તાપી નદીના કિનારા ફરતે પાળા બાંધવાની યોજનાનો અમલ કરાયેલ હતો. જે માટે સુરત શહેરની મહાનગરપાલિકાના આવતા વેરાની આવકમાથી કરોડોના ખર્ચે પાળાની યોજના શરૂ થયેલ છે. પણ ઘણા રૂપિયાની ભુખ ધરાવતા સરકારી કર્મચારી તેમજ રાજકરાણ સાથે જોડાયેલ તુચ્છ વ્યક્તિઓને કારણે સુરત શહેરને જોખમમાં મુકાયેલ છે. જેની જીવતી જાગતી તસ્વીર સાથેના પુરાવા ! જે સ્વામિનારાયણ મંદિરની થોડી જગ્યાના વપરાશ માટે સુરત શહેરના ખાસ કરીને અડાજણ વિસ્તારને પુરના જોખમે તાપી નદીને ખુલ્લી મુકેલ છે અને જો કોઈ જાનહાનિ પુરના પ્રકોપે આવશે તો તેનુ જવાબદાર કોણ ? સુરત મહાનગર પાલિકા, ગુજરાત સરકાર કે પછી સ્વામીનારાયણ મંદિર તે જોવું રહ્યું ? જો તંત્ર લોકોના જીવ સાથે રમે છે તો બીજી કામગીરી બાબતે હવે શું આશા રાખવી તેનો જીવતો જાગતો નમુનો છે. તો શું હવે તંત્ર આ કામગીરી વિશે વિચારશે તે જોવું રહ્યું ?

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા રન ફોર યુનિટી દોડનું આયોજન કરાયું









અગામી ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર પટેલની જન્મ જયંતિના ભાગ રુપે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા શુક્રવારના રોજ રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ભરૂચ પોલીસ જવાનો ,સામાજિક સંસ્થાઓ અને અધિકારોઓ પણ જોડાયા હતા. રન ફોર યુનિટી દોડને સફળ બનાવી હતી. આ પ્રસંગે ભરૂચ જિલ્લા કલેકટર રવિકુમાર અરોરા,ભરૂચ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા, ડીડીઓ ક્ષિપ્રા અગ્રે, ભરૂચના ધારા સભ્ય દુષ્યંત પટેલ વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રણા દોડવીરોને ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ દોડ ભરૂચ એબીસી સર્કલથી નીકળી નંદેલાવ, શ્રવણ ચોકડી, શેરપુરા થઈ દહેગામ ત્રણ રસ્ત પાસે તેની પુર્ણાહુતી થઈ હતી.

ભુજના યુવકે બોગસ આધારો રજુ કરીને લાખો રૂપિયાની લોનનું કૌભાંડ આચર્યુ

ભુજ(કચ્છ): ભુજના એક યુવકે બોગસ આધારો રજૂ કરીને લાખો રૂપિયાની અલગ અલગ બેંકમાંથી લોન લીધી હોવાનો કિસ્સાનો પર્દાફાશ થયો છે. ભુજના સામાજિક કાર્યકર અલીમામદ સમાએ આ બાબતની લેખિત ફરિયાદ અને બોગસ આધારોની નકલો સાથે ડીએસપી, ડીઆઈજી અને કલેક્ટર સમક્ષ આ કૌભાંડની તપાસ કરવા માંગણી કરીને છેતરપિંડી કરનાર વ્યક્તિ દિલીપ એચ. શાહ (રહે. ભુજોડી વર્ધમાનનગર)સામે ફરિયાદ કરવામાં આવેલ છે.





દિલીપ એચ. શાહે આપેલી વિગતો મુજબ જે કોટેશન અપાયા છે તે તમામ બોગસ છે. જે પેઢીઓના નામ દર્શાવ્યા છે તે પેઢીઓ એ સ્થળે કોઈ છે જ નહિ તેમ અલગ-અલગ પેઢીના કોટેશનમાં જી.એસ.ટી કે ટીન નંબર એક સરખા છે તેમ કોટેશનમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તેમ ખુદ દિલીપ એચ. શાહે પણ જે પેઢીનું નામ ચલાવી લોન લીધેલ છે તે પણ ક્યાંક અસ્તિત્વમાં નથી તે ઉપરાંત આ વ્યક્તિએ લોનનો કૌભાંડ આચરીને મેળવેલા રૂપિયા ૨૦ ટકા જેટલા ઉંચા વ્યાજે વગર લાઈસન્સે ધંધો કરતો હોવાનો પણ આક્ષેપ અલીમામદ સમાએ કર્યું છે. આ વ્યક્તિ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરીને અને બેંકના કર્મચારીઓની સાંઠગાઠથી આચરેલ આ કૌભાંડમાં બેંકના કર્મચારીઓ સામે ફોજદારી ફરિયાદ દાખલ કરીને કડકમાં કડક કાર્યવાહીની માંગ કરી છે.

મોરબીમાં કોંગ્રેસ ઘરે ઘરે જઈને ભાજપ સરકારે આપેલા વાયદાઓની યાદ અપાવશે





જીલ્લા કોંગ્રેસ કારોબારીમાં ભાજપ સરકાર પર પ્રહારો

મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિની આજે કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં એઆઈસીસીના સેક્રેટરી જીતેન્દ્ર બાધેલ, ધારાસભ્ય બ્રિજેશ મેરજા અને કોંગ્રેસના આગેવાનો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

કારોબારી બેઠકમાં ખેડૂતોની દુર્દશા, યુવાનોને રોજગારી ઉપરાંત ખાનગી શાળામાં ફી વધારા અને સિરામિક ઉદ્યોગની સરકારે કમર તોડી નાખી હોય જે મામલે ઠરાવ કરવામાં આવ્યા હતા તો ભાજપ સરકાર પર કોંગ્રેસના સેક્રેટરીએ આકરા પ્રહારો કર્યા હતા અને આજથી કોંગ્રેસ જનસંપર્ક અભિયાન અંતર્ગત ઘરે ઘરે જઈને ભાજપ સરકારે ૨૦૧૪ માં કરેલા વાયદાઓ પૂર્ણ કર્યા નથી તે અંગે જઈને લોકો સાથે વાત કરશે અને ૨૦૧૯ ની ચુંટણી માટે કોંગ્રેસે કમર કસી લીધી હોવાનું જણાવ્યું હતું અને આગામી દિવસોમાં ખેડૂતો અને યુવાનો માટે સરકાર સામે આંદોલન કરવાનું પણ એઆઈસીસીના સેક્રેટરીએ જણાવ્યું હતું તો રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસના કાર્યકરો બુથ લેવલે કાર્ય કરીને ૨૦૧૯ નાં જંગમાં જીતવા માટે કામે લાગી ગયા છે તેમ પણ અંતમાં જણાવ્યું હતુ

અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા "સમધારા થી સ્વાસ્થ્ય" વર્કશોપ યોજાયો

આરોગ્યના કાર્યક્રમોને લોકસમુદાય સુધી લઈ જવા માટે સમધરાઓનું ખૂબ જ મહત્વનું પ્રદાન છે : ડો.શૈલેશ સુતરીયા



સમધારા થી સ્વાસ્થ્ય વર્કશોપમાં ૨૦થી વધુ સમધારાના સાધકો દ્વારા ભવ્ય કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો

અમદાવાદ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા ગુજરાત સરકારના આરોગ્ય વિભાગની સૂચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લાકક્ષાનો "સમધારા થી સ્વાસ્થ્ય" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્કશોપ રાજ્યના આઈ.ઈ.સી.વિભાગના સ્ટેટ આઈ.ઈ.સી.ઓફિસર ડો.શૈલેષ સુતરિયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. પ્રારંભીક જાણકારી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવે આપી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા આર.સી.એચ.ઓ ડો.ગૌત્તમ નાયક, જિલ્લા રોગચારા નિયનતરણ અધિકારી ડો.ચિંતન દેસાઈ, જિલ્લા ક્ષયું.એમ.ઓ. ડો.સ્વામી કાપડીયા, જિલ્લા આઈ.ઈ.સી.અધિકારી વિજય પંડિત, સમધારાના તાલીમબદ્ધ સાધકો ડો.દક્ષેશ સોલંકી સહિત ૨૦થી વધુ આરોગ્ય કર્મીઓની ટીમ દ્વારા ખૂબ જ સુંદર રીતે તમામ ધારાઓની રજુઆત કરવામાં આવી હતી, જેને અમદાવાદ જિલ્લાના તાલુકા હેલ્થ ઓફિસરો, મેડિકલ ઓફિસરો સહિતના એનઆરએચએમ સ્ટાફ દ્વારા માણી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવે આવા સુંદર, અસરકારક, જન માનસમ પર ચોટદાર અસર કરે તેવા સુંદર પ્રેઝન્ટેશન બદલ સમધારાની અમદાવાદ જીલ્લાની ટીમને અભિનંદન આપ્યા હતા અને સમગ્ર જિલ્લાની ટીમે આ સુંદર કાર્યક્રમ માટે ખૂબ જ પ્રસંશા કરી હતી.

સમારંભના પ્રમુખ સ્થાનેથી સંબોધતા ડો.શૈલેષ સુતરિયાએ જણાવ્યું હતું કે સમધારા ની વિવિધ કલાઓ દ્વારા જનસમુદાય માં આરોગ્ય ના સંદેશાઓ પહોંચાડી ને માતા મરણ ઘટાડી શકીશું. બાળ મરણ ઘટાડી શકીશું. તમામ બાળકો નું સંપૂર્ણ રસીકરણ કરવી શકીશું. માતાઓ કિશોરીઓનું પોષણ સ્તર સુધારી શકીશું. માતાઓને પાંડુરોગ થી મુક્ત કરી શકીશું. ઓછા વજન વાળા બાળકો ન જન્મે અને તંદુરસ્ત બાળકો જન્મે તે માટેની જનજાગૃતિ તેમજ દીકરા દીકરી વચ્ચેના ભેદભાવ દૂર કરવા જનગગૃતિ કરાશે. રોગચારો અટકાવી શકીશું. પરિવાર કલ્યાણની જાણકારી થી સીમિત પરિવાર સુખ અપાર સમજાવીશું. માનસિક આરોગ્ય અને બીનચેપી રોગો ડાયાબીટીસ બી.પી. જેના માટેની જનજાગૃતિ કરાશે. આમ સમધારા થી સ્વાસ્થ્ય ના સંદેશ ને ઘરે ઘરે ગુંજતો થશે. આરોગ્યના કાર્યક્રમોને લોકસમુદાય સુધી લઈ જવા માટે સમધરાઓ નું ખૂબ જ મહત્વનું પ્રદાન છે.

ધારીખેડા સુગર થી શેરડી ભરવા જતા બળદ ગાળા ને ટ્રકે અડફટે લેતા એક બળદ નું મોત

બળદ ગાડું ચલાવનાર વ્યક્તિ અને બીજા એક બળદ ને પણ ગંભીર ઈજાઓ કરી હાઈવા ટ્રક નો ચાલાક નાસી છૂટ્યો

રાજપીપળા : નર્મદા ધારીખેડા સુગર ફેક્ટરી પાસે શુક્રવારે એક બળદગાડા ને ટ્રકે અડફટે લેતા એક બળદ નું મોત થયું જયારે બીજા બળદ ને ગંભીર ઈજા થઈ હતી અને બળદ ગાડું હાંકનાર વ્યક્તિ ને પણ ઈજા થઈ હતી ત્યારબાદ ટ્રક ચાલાક ત્યાંથી નાસી છૂટ્યો હતો

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદ ના ધરીખેડા સુગર ફેક્ટરી પાસે થી શેરડી ભરવા જતા સાહેબૂબ લાલચંદ આહીરે બળદ ગાડુ લઈ જતા હતા એ સમયે પુરપાટ આવેલી એક હાઈવા ટ્રક ના ચાલકે બળદગાડા સાથે ટ્રક અથાડતાં એક બળદ નું મોત થયું હતું જયારે બીજા બળદ અને ગાડું ચલાવનાર સાહેબૂબ ને ગંભીર ઈજાઓ થઈ હતી ત્યારબાદ અકસ્માત કરનાર ટ્રક ચાલાક ત્યાંથી નાસી જતા શિવાજી આહીરે એ ટ્રક ચાલાક વિરુદ્ધ આમલેથા પો.સ્ટે.માં ફરિયાદ કરતા પોલીસે અજાણ્યા ટ્રક ચાલાક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે .

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩૧'મીએ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાશે

સુરત

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧મી ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું ભારત સરકાર દ્વારા નક્કી થયેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર, સુરત શહેર પોલીસ અને સુરત ગ્રામ્ય પોલીસના સંયુક્ત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે તા.૩૧-૧૦-૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે સ્વર્ણિમ સર્કલ, ફાલસાવાડી જંકશન, રિંગરોડથી દિલ્હીગેટ થઈ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, રેલવે સ્ટેશન સુધી રન ફોર યુનિટી તથા સવારે ૮.૦૦ કલાકે સુરત રેલવે સ્ટેશન સામે સરદાર વલ્લભભાઈ પટેલને સુતરાંજલી અને વંદના બાદ રાષ્ટ્રીય એકતા શપથનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો, મ્યુનિ. સભ્યો, સુત શહેર પોલીસ જવાનો, વોચ એન્ડ વોર્ડના સિક્યુરિટી અને ફાયરના જવાનો, ૧૨ થી વધુ વયના વિદ્યાર્થીઓ તથા નગરજનો જોડાશે.

પ્રખર રાષ્ટ્રભક્ત અને પ્રજા વત્સલ રાજપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલનું દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને દેશની એકતા અખંડિતતામાં અમૂલ્ય યોગદાન રહ્યું છે.

પદ ખેડૂતોએ આત્મવિલોપનની માંગણી કરતા ચકચાર મચી

જેતપુર

જેતપુર તાલુકાના ૬ ગામના ૫૬ ખેડૂતોએ એકસાથે આત્મવિલોપનની અરજી આપી છે. આ ખેડૂતોએ જેતપુર તાલુકા પોલીસે ધસી આવ્યાં હતા અને આત્મવિલોપનની માંગણી કરી હતી. ખેડૂતોને અંદાજે ૧.૫ કરોડ જેટલો મગફળીનો વીમો મળ્યો નથી. ૨૦૧૬-૧૭નો મગફળીનો પાક વીમો સ્ટેટ બેક્ક દ્વારા આજ દિન સુધી મળેલ નથી.

જેતપુર તાલુકાના ૬ જેટલા ગામના ૧૨૩ જેટલા ખેડૂતોને વર્ષ ૨૦૧૭ના પાક વીમા માટે છેલ્લા એક વર્ષથી શહેરમાં આવેલી એસબીઆઈ બેંકમાં ધક્કા ખાઈ રહ્યા છે. ખેડૂતોની અનેક રજૂઆત છતા બેંક દ્વારા પાક વીમા બાબતે ઉદાસીનતા દર્શાવતા હોય ખેડૂતો દ્વારા થોડા સમય પૂર્વે અર્ધ નગ્ન અવસ્થામાં બેંક તેમજ મામલતદારને આવેદનપત્ર આપી ખેડૂતોને તાત્કાલીક પાક વીમો ચૂકવવાની માંગ કરી હતી. તત્કાલીન સમયે બેંક મેનેજર દ્વારા ખેડૂતોને ટૂંક સમયમાં વીમો ચૂકવાશે તેવું કહેવામાં આવ્યું હતું.

જયેશ રાદડિયાનું કહેવું હતું કે ખેડૂતોને હજી ગયા વર્ષનો વીમો ભરી દીધો નથી. આ માટે ૧૫૦ ખેડૂતોએ સમયસર બેંકને પ્રિમિયમ ભરી દીધું હતું. આ પ્રિમિયમ કોઈ કારણને લીધે બેંક તરફથી વીમા કંપનીને મળ્યું ન હતું. બેંક અને વીમા કંપનીની તકરારમાં ખેડૂતો છેલ્લા ૧૧ મહિનાથી ધક્કા ખાઈ રહ્યા છે.

આ આશરે ત્રણ મહિનાઓ પહેલની વાત જયારે હજી સુધી આમાં ખેડૂતોનું કામ થયું નથી.

મોરબીમાં ડેન્ગ્યુંના વાયરાને પગલે આરોગ્યની ટીમો મેદાનમાં, સર્વે કામગીરી





૧૩૦૪ ઘરોમાં કરાયો સર્વે, ૩૨૮ ઘરોમાં ફોગીંગ

મોરબી પંથકમાં જીવલેણ ડેન્ગ્યુંના કેસો બાદ આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું છે અને ટીમો બનાવી મેદાનમાં ઉતારી દીધી છે જે ટીમોએ ૧૩૦૦ થી વધુ ઘરોમાં સર્વે કરી ફોગીંગ સહિતની કામગીરી હાથ ધરી છે

મોરબી જીલ્લા આરોગ્ય અધિકારી ડો. જે એમ કતીરાના માર્ગદર્શન હેઠળ મોરબી અર્બન વિસ્તારમાં ડેન્ગ્યું રોગચાળો અટકાવવા માટેની કામગીરી કરવાના આદેશ બાદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, એમ પી એચ ડબલ્યુ, એમ પી એચ એસ અને નગરપાલિકા કર્મચારી તેમજ જીલ્લા મેલેરિયા અધિકારી સહિતની કુલ ૧૫ ટીમોની રચના કરવામાં આવી હતી અને ડેન્ગ્યુંના અસરગ્રસ્ત એવા ઉમા ટાઉનશીપ, લીલાપર રોડ, વાવડી રોડ, રવાપર રોડ બોની પાર્ક સહિતના વિસ્તારોમાં સર્વે કામગીરી કરવામાં આવી હતી

જેમાં કુલ ૧૩૦૪ ઘરોમાં સર્વે કરવામાં આવ્યો હતો જે ૫૪૪૫ ની વસ્તીને આવરી લેવાઈ છે જેમાં મચ્છરોના પોરા ૧૬ સ્થળે જોવા મળેલ અને પાણીના પત્રોમાં ૧૪૨૦ સ્થળે દવા છંટકાવ કરવામાં આવ્યો હતો તેમજ ૩૨૮ ઘરોમાં ફોગીગ કરવામાં આવ્યું છે તે ઉપરાંત આરોગ્ય વિભાગની ટીમોએ સર્વે દરમિયાન મચ્છરજન્ય રોગોથી બચવા માટે શું કરવું અને કેવી તકેદારી રાખવી તે અંગે જરૂરી સૂચનાઓ આપી હતી પાણીનો ભરવો થતો હોય તે સ્થળ સ્વચ્છ રાખવા સહિતના જુરુરી સૂચનો આપ્યા હતા

દસ દિવસ પહેલા તરસાલી પાસે હાઈવે રોડ ઉપર મરચાની ભુકી નાખી લુંટ કરના ગેંગને પકડી પાડતી વડોદરા શહેર કાઈમ બ્રાન્ચ

વડોદરા શહેરમાં બનતા ચેઈન સ્નેચીંગ તથા લુંટના ગુનાઓ અટકાવવા અને નોંધાયેલા અનડીટેકટ લુંટના ગુનાઓ ડીટેકટ કરવાની સુચના સી.પી. અનુપમસિંહ ગહલૌત તરફ થી મળેલ તે મુજબ આજરોજ કાઈમ બ્રાન્ચાના પો.સબ.ઈન્સ એ.એ.વછેટા તથા સ્ટાફના પેટ્રોલીગ દરમ્યાન સીસીટીવી ફુટજમાં મળી આવેલ ઈસમો અંગે મેળવેલ ચોક્કસ માહિતી આધારે સોમા તળાવ પાસેબ્રીજ નીચેજઈ ખાત્રી કરતા ચાર ઈસમો બે મો.સા સાથે હાજર હોય આ ચારેય ઈસમો પોલી,ના જોઈ મો.સા ચાલુ કરી નાસવાની કોશીષ કરતા જણાવાત ચારેયને સ્થળ ઉપર જ કોર્ડન કરી લઈ ચારેયના નામઠામ પુછતા નં.(૧) શિવમ કીરણભાઈ પરમાર (સુતરીયા) ઉ.વ.૧૯ રહે. રૂષિ પાર્ક સોસા ગણેશનગર પાસે ડભોઈ રોડ વડોદરા નં. (૨) મયુર ઉર્ફે ભગો જીતેન્દ્રભાઈ વસાવા ઉ.વ.૧૯ રહે. શુભ લક્ષ્મી કોમ્પ. ગણેશનગર ડભોઈ રોડ વડાદરા. નં.(૩) અરૂણકુમાર શર્મા ઉ.વ.૨૨ રહે. રૂષિપાર્ક સોસાય ગણેશનગર પાસે ડભોઈ રોડ વડોદરા નં.(૪) જશવંત ઉર્ફે લલ્લો નટવભાઈ કહાર ઉ.વ૨૨ રહે. નવાપુરા કહાર મોહલ્લા વડોદરાનાઓ હોવાનું જણાયેલ આ ચારેય ઈસમોની અંગઝડતી કરતા ચાર મોબાઈલ ફોન, તેમજ રોકડા રૂપિયા ૫૦,૦૦૦/-ની ચલણી નોટો મળી આવેલ. સદર ચારેય ઈસમોતેઓ પાસેતી મળી આવેલ મો.સા, મોબાઈલ ફોનો અને રોકડ રકમ બાબતે સધન પુછપરછ દમ્યાન આ ચારેય ઈસમોએ ગઈ તા.૧૫/૧૦/૨૦૧૮ ના રોજ ફરિયાદી રાજેશબાઈ ચીમનભાઈ બારીયા રહે. ગામ. તા. ડભોઈના પોતાની મો.સા ઉપર સાહેદ ભાવેશ સાથે આઈસ્ક્રીના વેપાર ધંધાના ઉધરાણીના રૂપિયા ૮૦,૦૦૦/- ની રકમ રેકઝીનના થેલામાં મુકી થુવાની ગામ તરફ જઈ રહેલ હતા ત્યારે તરસાલી હાઈવે રોડ ઉપર દાવત હોટલ સામે થઈ આવતા બે મો.સા ઉપર આ ચાર ઈસમોએ ફરીયાદી તથા સાહેદની ઉપર મરચાની ભુકી નાખી રૂપિયા સાથેના થેલાની લુંટ સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે કરી નાસી ગયેલ હોવાની હકીકત પુછપચ્છ અને તપાસ દરમ્યાન જણાય આવેલ અને આ બાબતે મકરપુરા પોલીસ્ટેશન ફ. ૧૯૨/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૯૨,૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ હોવાનું જણાય આવેલ છે. ક્રાઈમ બ્રાન્ચે સુધીના સદર લુંટના ગુનામાં ગયેલ મુદ્દામાલના રૂપિયા પૈકીના રૂપિયા પચ્ચાસ હજાર કબજે લીધા હતા

સુરત સિટીમાં ટ્રાફિક પોલીસનો કથિત ત્રાસ

આમ જનતા ત્રાહિમામ

સુરતઃ શહેરમાં પાલ આરટીઓ પાસે ટ્રાફિકની સમસ્યા વકરતી જાય છે. જેમાં પાલ આરટીઓ પાસે પાર્કિંગ કરાયેલી ગાડી ૭૦ ટકા એજન્ટોની હોય છે પણ તે ટ્રાફિક પોલીસની આંખે આવતી નથી અને જનતાની પાલ આર.ટી.ઓ. પાસે સર્વિસ રોડ પર દીવાલને અડીને અથવા ફૂટપાથ પર પડેલ ગાડીઓ ઉંચકી લેવામાં આવે છે. જે હાલ જનતા માટે મોટી સમસ્યા ઉભી થઈ છે.



તસવીરમાં દેશ્યમાન થાય છે કે ગાડી ડીટેઈન કરતા ટ્રાફિક કેઈનના માણસો છેક સર્વિસ રોડની અંદરથી દીવાલની બાજુમાં મુકેલી ગાડી લઈ જઈ રહ્યા છે અને નીચેની તસવીરમાં દેખાય છે તે મુજબ એકદમ રોડને અડીને અડીંગો જમાવીને બેઠેલા આરટીઓ એજન્ટની ગાડી તરફ નજર સુદ્ધા નાખતા નથી, આ જોતા લાગી રહ્યું છે કે જાડી ચામડીના ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલો દ્વારા એજન્ટો સાથે વહીવટ થઈ રહ્યા છે



હાલ ટ્રાફિક પોલીસ બાલુની દાદાગીરી વચ્ચે આડેધડ ઉચકાતા વાહનો માટે બાલુ ટ્રા.કમિશનર સાહેબના આદેશ હોવાના ફાંકા મારે છે અને કહે છે દિવાળી પહેલા ટાર્ગેટ પૂરો કરવો જરૂરી છે માટે જે થાય તે કરો ! શું ખરેખર ટ્રાફિક કમિશનર સાહેબના હુકમ છે કે પાલ આરટીઓ ઉપર એજન્ટો સિવાયની તમામ ગાડી ઉચકી દંડ વસુલવા તેમજ રોકડી કરવી. આવા શાબ્દિક ગુલબાંગો હાકતાં બાલુ પોતાનો દોષનો ટોપલો કમિશનર ઉપર નાખતો હોવાનું જણાઈ રહ્યું છે.



ટ્રાફિક પોલીસ બાલુના કહેવા મુજબ ટ્રાફિક લશ્કરી સાહેબ તેમજ ઉચ્ચ અધિકારીઓના આદેશ છે !! ટાર્ગેટ પૂરો કરી દિવાળી કરો !!: જનતાને પડ્યા પર પાટુ મારતી ટ્રાફિક પોલીસની લુખ્ખાગીરી

સરથાણામાં મની ટ્રાન્સફરની ઓફિસમાં લૂંટ કરવા નીકળેલી ગેંગ ઘાતક શસ્ત્રો સાથે ઝડપાઈ

ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઓરિસ્સાવાસી લૂંટારૂ ગેંગ પાસેથી બે પિસ્તોલ, છ કારતૂસ, ચાર છરા પણ કબજે કર્યા

સુરત

સરથાણામાં આવેલી જલારામ મની ટ્રાન્સફર સર્વિસમાં લૂંટ કરવાના ઈરાદે સજ્જ થયેલી ઓરિસ્સાવાસી ગેંગને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડી બે પિસ્તોલ, ૬ કારતૂસ, ૪ છરા અને ૯ છરા મળી કુલ રૂા. ૧.૯૨ લાખની મતા કબજે કરી હતી.

સરથાણા સ્થિત ડાયમંડ નગરના કથળિયા સ્ટ્રીટમાંથી ક્રાઈમ બ્રાંચે ગઈકાલે ઓરિસ્સાવાસી લૂંટારું ગેંગ અલીતકુમાર ઉર્ફે ચિન્ટુ તપન શાહુ (રહે. રિવરવ્યુ એપાર્ટમેન્ટ, રે.કે. રોડ, વરાછા), દેવ આશિષ ઉર્ફે દેવા વાસુદેવ બિશ્વાસ (રહે. કિષ્ણા નગર, ગુ.હા. બોર્ડ, અમરોલી ગણેશપુરા), ટુલુ ઉર્ફે રાજેશ શશી પ્રધાન (રહે. કતારગામ જીઆઈડીસી ઝૂંપડપટ્ટી, સુરત) ગૌડા ઉર્ફે શંકર અધારી પ્રધાન (રહે. ઉત્કલ નગર ઝૂંપડપટ્ટી, કતારગામ) શંકર ઉર્ફે પપ્પુ અભિમન્યુ પરીડા (રહે. સાંઈકૃપા એપાર્ટમેન્ટ, છાપરાભાઠા શેડ, અમરોલી) તથા રાજેશ ઉર્ફે ચિયા મંગુલ રાઉત (રહે. અશોક નગર, ઝૂંપડપટ્ટી, વરાછાને ઝડપી પાડયા હતા. આ ઉપરાંત પોલીસે આ ગેંગની ઝડતી દરમિયાન રૂા. ૨૦,૦૦૦ની બે પિસ્તોલ, રૂા. ૬૦૦ના ૬ નંગ કાતુરસ, રૂા. ૭૦૦ના ૪ છરા, રૂા. ૪૧,૬૦૦ના ૯ મોબાઈલ, તથા રૂા. ૧.૩૦ લાખની બે બાઈક મળી કુલ રૂા. ૧.૯૨ લાખની મતા કબજે કરી હતી અને કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી. પકડાયેલી લૂંટારું ટોળકીના છ સાગરિતો કથળિયા સ્ટ્રીટમાં આવેલી જલારામ મની ટ્રાન્સફર સર્વિસની ઓફિસમાં લૂંટ કરે તે પહેલાં જ ઝડપાઈ ગયા હોવાનું બહાર આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલી લૂંટારૂ ગેંગમાં અમિત શાહુ, રાજેશ રાઉત, બેકાર વજ્યારે શંકર ઉર્ફે પપ્પુ પરીડા પ્રાઈવેટ કંપનીમાં સુપરવાઈજર હોવાનું જાણવા મળ્યું હતું.

રાંદેર ઝઘડીયા ચોકડી પાસેના પ્લોટ પરના દબાણો ખસેડાયા

રાંદેર ઝોને ખુલ્લા પ્લોટનો કબજો મેળવ્યો

સુરત

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન રાંદેર દ્વારા તા.૨૬-૧૦-૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૨૯ રાંદેરમાં ઝઘડીયા ચોકડી પાસે સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટ ફા. પ્લોટ નં.૧૦૮ (પબ્લિક યુટિલીટી) અને ૧૦૯ (લોકલ કોમર્શિયલ) ફાળવાયેલ છે. સદર રીઝર્વેશન પ્લોટમાં વર્ષો જૂના ફેબ્રિકેશન શેડ, કંપાઉન્ડ વોલ વગેરેના બાંધકામ આવેલ હતા. સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી વિના ગેરકાયદેસર રીતે રીઝર્વ્ડ પ્લોટ પર ઘણાં લાંબા સમયથી કબજો કરી વપરાશ ચાલુ રાખેલ. આજરોજ પશ્ચિમ ઝોન રાંદેરના શહેર વિકાસના તથા દબાણ ખાતાના સ્ટાફ દ્વારા સદર બંને રીઝર્વેશન પ્લોટ પરના કાચા-પાકા કોમર્શિયલ બાંધકામો ડીમોલીશનો કરી ખુલ્લા કરવામાં આવેલ અને આશરે ૬૫૦૦.૦૦ ચો.ફુટ જેટલુ બાંધકામ દૂર કરવામાં આવેલ તથા ૨૩૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો રીઝર્વેશન પ્લોટ વિસ્તાર ખુલ્લો કરી કબજો લેવામાં આવેલ.

પરવત પાટિયામાં ચપ્પુ મારી વેપારી લૂંટી લેવાતા ભયભીત લોકો પો. કમિ.ને મળ્યાં

લૂંટારૂઓને ઝડપી પાડવાની માગણી સાથે પો. કમિ. શર્માને આવેદનપત્ર પાઠવાયું

સુરત

પરવત પાટિયા ગંગા હોટલ નજીક છેલ્લા બે દિવસ દરમિયાન બે કાપડ વ્યાપારીઓને ચાકુ મારી લૂંટના બનાવો બન્યા છે. આ ઘટનાઓમાં ઝડપી તપાસ થાય અને આરોપીઓને તત્કાલ પકડીને આકરી સજાની માગ સાથે સ્થાનિક લોકો દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી.

પરવત પાટિયા વિસ્તારમાં ટ્રાફિક જામનો ગેરલાભ લઈને લુખ્ખા અસામાજિક તત્વો દ્વારા વેપારીઓને નિશાન બનાવી ચાકુથી જીવલેણ હુમલા કરી લૂંટી લેવાનો બનાવો વધી રહ્યો છે ગત રાત્રે પણ કાપડનો વેપારી ઘરે આવતો હતો. ત્યારે મોટર સાઈકલ પર આવેલ બે અજાણ્યા ઈસમો પૈકી પાછળ બેસેલ યુવાને ચાકુમારીને કાપડના વેપારીના વેપારીને લૂંટી લીધો હતો. આ બનાવ અંગે આજે પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી આ વિસ્તારમાં આવી ઘટના બનતી રહેશે. અને આ ઘટના સંડોવાયેલ આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડી આકરી સજા કરે તેવી માગ કરવામાં આવી હતી.

નર્મદ નગર પાસે વૃધ્ધાના ગળામાંથી ચેઈન તોડાઈ

સુરત

વૃધ્ધાના ગળામાંથ રૂપિયા ૫૦ હજારની સોનાની ચેઈનની ચીલઝડપ કરી મોપેડ સવાર બે અજાણ્યા યુવકો ફરાર થઈ ગયા હતા. આ ઘટના ઉમરા નર્મદ નગર પાસે બની હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા અઠવાલાઈન્સ નર્મદનગરમાં રહેતા કાંતાબેન કાનજીભાઈ વઘાસિયા બંગલા નં. ૫૨ પાસેથી છ પસાર થતા હતા. ત્યારે મોપેડ સવાર બે અજાણ્યા યુવકો અચાનક ધસી આવી કાન્તાબેન (ઉ.વ. ૭૮)ના ગળામાંથી રૂા. ૫૦ હજારની સોનાની ચેઈન ખેંચી લઈ ગયા હતા. ઉમરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણ કાર્યક્રમ સંદર્ભે ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહજી જાડેજાએ લીધી મુલાકાત

કાર્યક્રમ સ્થળ સહિત સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર, ટેન્ટ સિટી, વોલ ઓફ યુનિટી, વેલી ઓફ

રાજપીપળા : વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનો લોકાર્પણ કાર્યક્રમ પણ વૈશ્વિક બની રહે, તે સાથે ભારત વર્ષના જનજનની ભાવના સંવેદનાને પણ ઝંકૃત કરી શકાય, તેવું સુચારૂ આયોજન-વ્યવસ્થા ઘડી કાઢવાની હિમાયત રાજ્યના ગૃહ મંત્રી પ્રદિપસિંહજી જાડેજાએ કરી છે.

અખંડ ભારતના શિલ્પ એવા સરદાર વલ્લભભાઈ પટેલની વિરાટ પ્રતિમા અને સરદાર સાહેબના વિરાટ વ્યક્તિત્વની ગરિમાને છાજે તેવા સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ કાર્યક્રમને, વિશ્વ આખુ જ્યારે અહોભાવથી નિહાળી રહ્યું છે, ત્યારે આ કાર્યક્રમ એક ભારત શ્રેષ્ઠ ભારતની વિભાવનાને પરિપૂર્ણ કરશે, તેમ પણ તેમણે વધુમાં જણાવ્યું હતું

સરદાર સરોવર ડેમની સામે, માં નર્મદા નદીની વચ્ચોવચ્ચ, સાધુ બેટ ઉપર ઉભેલી ૧૮૨ મીટર ઉંચાઈની સરદાર સાહેબની એકતાની મૂર્તિ, વૈશ્વિક પર્યટકો માટે જ્યારે આકર્ષણનું કેન્દ્ર બનવા જઈ રહી છે ત્યારે, સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર તથા તેની આસપાસ આકાર લઈ રહેલા પ્રકલ્પો પણ વધુ લોકભોગ્ય બનશે તેમ પ્રદિપસિંહએ જણાવ્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ૩૧ મી ઓક્ટોબરે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન જ્યારે સાકાર થઈ રહ્યું છે, ત્યારે વડાપ્રધાનશ્રીનાં હસ્તે રાષ્ટ્રાર્પણ થવા જઈ રહેલી





વિરાટ પ્રતિમાને નિહાળવા અને સરદાર સાહેબના જીવન કવનમાંથી પ્રેરણા લેવા દેશ –વિદેશના પર્યટકો નર્મદા મૈયાના તટે ઉમટી પડશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.



પ્રતિમાનાં રાષ્ટ્રાર્પણની સાથે સાથે વોલ ઓફ યુનિટી, ટેન્ટ સીટી, વેલી ઓફ ફ્લાવર્સ, એક ભારત શ્રેષ્ઠ ભારતની ઝાંખી કરાવતા દેશભરના કલાકારોની સાંસ્કૃતિક પ્રસ્તૃતિ, ભારત ભવન પ્રદ્રશન સહિતનાં શ્રેણીબધ્ધ કાર્યક્રમોનાં આયોજન વ્યવસ્થા અંગે પણ મંત્રીશ્રી જાડેજાએ ઝીણવટભરી વિગતો મેળવી હતી.ટેન્ટ સીટી, વેલી ઓફ ફ્લાવર્સ, વોલ ઓફ યુનિટી, સભાસ્થળ સહિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની જાત મુલાકાત લેતાં મંત્રી જાડેજાએ સંબંધિત અધિકારીઓ, એજન્સીઓને જરૂરી સૂચનો કર્યા હતાં.

ગૃહ રાજ્યમંત્રીની ઉક્ત મુલાકાત દરમિયાન ગુજરાતનાં અગ્રણી ભાર્ગવભાઈ ભટ્ટ, પૂર્વ સાંસદ ભરતસિંહ પરમાર, ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવ એ.એમ. તિવારી, પોલીસ વિભાગનાં અન્ય વરિષ્ઠ સનદી અધિકારીઓ, નર્મદા-પંચાયત વિભાગનાં અગ્રસચિવ એ.કે. રાકેશ, નર્મદા નિગમનાં સંયુક્ત વહિવટી સંચાલક સંદિપકુમાર, માર્ગ અને મકાન વિભાગનાં સચિવ સી.બી. વસાવા, જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા, જિલ્લાનાં અગ્રણીઘનશ્યામભાઈ દેસાઈ સહિત નર્મદા નિગમનાં વરિષ્ઠ ઈજનેરશ્રીઓ મંત્રીશ્રીની સાથે જોડાયાં હતાં. દરમિયાન રાજ્યનાં મુખ્ય સચિવ જે.એન. સિંઘ સહિત ઉચ્ચ-વરિષ્ઠ સનદી અધિકારીઓની ઉપસ્થિતિમાં કેવડીયા કોલોનીનાં વીવીઆઈપી સર્કિટ હાઉસ ખાતે આયોજિત બેઠકને સંબોધતાં મંત્રી જાડેજા એ કાર્ય આયોજનને આખરી ઓપ આપતા કેટલાક જરૂરી અને ઉપયોગી સૂચનો રજૂ કરી, સૌને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

ખેતમજૂરો, હળપતિ અને હરિજન લોકોની ઘરથાળની

પાલગામની સોનાની લગડી સમાન જમીન હિન્દુ સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને રાજહંસ ગ્રુપના બિલ્ડરોની સાંઠગાંઠ દ્વારા ગેરકાયદેસર રીતે પચાવી પડાઈ

હિન્દુ સમાજ ટ્રસ્ટ અને રાજહંસ ગ્રુપની મીલીભગતથી પાલગામના ગરીબો માટેની જમીન આજે હાઈરાઈઝ બિલ્ડીંગો, થિયેટરો અને શોપીંગ મોલ તરીકે ઓળખાય છે

મોજે ગામ પાલના બ્લોક નં. ૩૪૩, ટીપી નં. ૧૪, એફપી નં. ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૭૭ વાળી ગામના ખેતમજૂરો, હળપતિઓ અને હરિજન લોકોના હક્કની જમન જમીનના રખેવાળ એવા પાલ ગામ હિન્દુ સમાજ ટ્રસ્ટ, શ્રી પાલ નગર કો. ઓ. હા.સો. લિ.ના પ્રમોટરો અને રાજહંસ ગ્રુપના બિલ્ડરોના મેળાપીપણામાં કરોડો રૂપિયાની કિંમતની સોનાની લગડી સમાન જમીન બોગસ અને બનાવટી દસ્તાવેજી પુરાવાઓ ઉભા કરી રાજહંસ ગ્રુપને આપી દેવાનું મસમોટુ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલ ગામના બ્લોક નં. ૩૪૩, ટીપી નં. ૧૪, એફપી નં. ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૭૭ વાળી જમીન સને ૧૯૮૦ થી હિન્દુ સમાજ ટ્રસ્ટના નામે કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ છે. સદરહુ ગામના ૬૦ ટકા ખેતમજૂરો, હળપતિ અને હરિજન લોકોની ઘરધાળની સદરહુ જમીન જે સોનાની લગડી સમાન હતી.

સને ૧૯૮૦ની સાલથી સુરત શહેરમાં જમીનોની કિંમતમાં ભારે ઉછાળો આવતા ઘણા બિલ્ડરોની દાઢમાં આ જમીન માટે પાણી છૂટવા માંડ્યું હતું જેમના પ્લાન મુજબ પાલ ગામ હિન્દુ સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા શ્રી પાલનગર કો.ઓ. હા. સો. લિ.ના પ્રમોટરો તથા અમુક સ્થાપિત હિતો સદરહુ જમીનનો પાલ ગામના ગરીબોના હિત વિરુદ્ધ જઈ માથાભારે તરીકે પંકાયેલા રાજહંસ ગ્રુપના બિલડરો સાથે મેળાપીપણુ કરી આખે આખી જમીન પચાવી પાડી તેને ઊંચા દામમાં વેચી મારવા કારસો ઘડેલ. ત્યારબાદ ટ્રસ્ટીઓ, શ્રી પાલ નગર કો.ઓ.હા.સો.લિ.ના પ્રમોટરો અને રાજહંસ ગ્રુપના બિલ્ડરોએ હિન્દુ સમાજ ટ્રસ્ટ દ્વારા સંયુક્ત ચેરીટી કમિશનર બરોડા સમક્ષ પાલગામના પછાત વર્ગના અને ઓછી આવક ધરાવતા પરિવારો માટે સદરહુ જમીન પર પાકા મકાનો બનાવી તેમને રહેઠાણ આપવાનો હેતુ માટે ૯૮ રો હાઉસ બનાવી આપવા જમીનની માંગણી કરેલ હતી.

પરંતુ જે તે સમયે પાલગામના લોકોને ટ્રસ્ટીઓના મલીન ઈરાદાઓની જાણ થતા તેઓએ જે તે સમયના સ્થાનિક ધારાસભ્ય ઉષાબેન પટેલને લેખિતમાં જાણ કરેલ. જેઓએ તાત્કાલિક રાજ્ય સરકારને પત્ર લખી આ કૌભાંડને અટકાયતી પગલા ભરવા માંગ કરેલ પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં



રાજહંસ ગૃપના આટલી હદે ચાલતા ગેરકાયદે બાંધકામોના વેપલામાં ભાજપ (રાજ્ય) સરકારની ભૂમિકા કેટલી નિષ્પક્ષ ?

આવેલ ન હતી જ્યારે બીજી તરફ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સદરહુ જમીન યેન કેન પ્રકારે પચાવી પાડવા ભારે રાજકીય લાગવગ ધરાવતા રાજહંસ ગ્રુપના બિલ્ડરો સાથે સાંઠગાંઠ રચી સરકારના મહેસુલ વિભાગના અધિકારીઓ સાથે મળી આ આખીય જમીન પચાવી પાડવા દાવપેચ શરૂ કરી દીધા હતા.

સદરહુ ટ્રસ્ટના લાલચુ ટ્રસ્ટીઓએ અઢળક નાણા ઘરભેગા કરવાની ફિરાકમાં તેમના મળતીયાઓ અને રાજહંસ ગ્રુપના બિલ્ડરો સાથે મળી ચેરીટી કમિશનર સમક્ષ સદરહુ જમીન ગરીબો માટે પાકા મકાનો બનાવી આપી તેમના રહેઠાણનો હેતુ બનાવી જમીનની માંગણી કરેલ પરંતુ ચેરીટી કમિશનરની આ જમીન અંગે કોઈ પૂર્વ મંજૂરી કે પરવાનગી મળે તે પહેલા જ સરકારની મંજૂરીની પણ વિરુદ્ધમાં સદરહુ જમીનના દસ્તાવેજ તપાસ થાય તો આખીય જમીન પ્રકરણનું ભોપાળુ બહાર આવે તેમ છે પરંતુ આખાય પ્રકરણમાં રાજહંસ ગ્રુપના બિલ્ડરોનો મોટો પાયે ભ્રષ્ટાચાર સંકળાયેલો છે જે બહાર આવવો જરૂરી છે.

આ આખાય પ્રકરણમાં જમીનના ટ્રસ્ટીઓ, શ્રી પાલ નગર કો.ઓ.હા.સો.લિ.ના પ્રમોટરો અને રાજહંસ ગ્રુપના બિલ્ડરો દ્વારા મોટાપાયે ગેરરીતિ આચરી સરકારની આંખમાં ધૂળ નાંખી ગરીબોના હકની કરોડો રૂપિયાની જમીન કાયદાની ઐસી કી તૈસી કરી પચાવી પાડવાનો કારસો સફળ થયેલ છે.

સદરહુ જમીન પર જ્યાં ગામના ગરીબ પછાતવર્ગના લોકો માટે ૯૮ રોહાઉસના પાકા મકાનો હોવા જોઈએ તેની જગ્યાએ અમીરો માટેના હાઈરાઈઝ બિલ્ડીંગોનો રાફડો જોવા મળી રહ્યો છે જે તે સમયના કલેક્ટર પણ સદરહુ જમીન ગરીબો માટેની હોવાની જાણ ના હોવા છતાં સદરહુ ટ્રસ્ટના લેભાગુ ટ્રસ્ટીઓ અને તેના મળતીયાઓ રાજહંસ ગ્રુપ સાથે મળી બેરોકટોકપણે અને બિન્દાસ્તપણે બનાવટી દસ્તાવેજો ઉભા કરવા જે કાયદાકીય દાવપેચ કરી રહ્યા હતા તેનાથી વાકેફ હોવા છતાં પણ ભારે વગ ધરાવતા રાજહંસ ગ્રુપની સામે કાયદાકીય કાર્યવાહી કરી પગલા લેવાને બદલે તેને યોગ્ય ગણી કાયદાકીય સમર્થન પુરુ પાડેલ છે જે ઘણી સૂચક બાબત છે.

સદરહુ જમીનના મૂળમાં ગેરરીતિ અને મહેસુલ વિભાગના અધિકારીઓ દ્વારા મોટા પાયે થયેલ ભ્રષ્ટાચાર છુપાયેલો છે ઉપરોક્ત જમીન પર હાલમાં સુરત શહેરની મહાનગરપાલિકા ચોવીસ માળની હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવવા માટે કાયદેસરની બાંધકામ કરવા માટેની રજા ચીઠ્ઠી આપેલ છે જે ઘણી નવાઈની વાત છે.

સદરહુ ગરીબ લોકો માટેની આ જમીન ટ્રસ્ટના મળતીયા લાલચુ ટ્રસ્ટીઓ, શ્રી પાલ ગામ કો.ઓ.હા.સો. લિ.ના પ્રમોટરો અને રાજહંસ ગ્રુપના બિલ્ડરો દ્વારા યેનકેન પ્રકારે ગેરરીતિ આચરી બોગસ દસ્તાવેજી પુરાવાઓ ઉભા કરી કાયદેસરનું સ્વરુપ આપી પચાવી પાડેલ છે. રાજ્ય સરકાર અને કલેક્ટર શ્રી સુરત ઝડપી અને ન્યાયિક ધોરણે કાર્યવાહી કરી તેના ઉપર ઉભા થઈ રહેલા કરોડો રૂપિયાના પ્રોજેક્ટો અટકાવી યોગ્ય કાર્યવાહી અને તપાસ કરી સમગ્ર કૌભાંડ બહાર લાવવાની જરૂર છે. જેમાં સરકારી અધિકારી નિષ્પક્ષ તપાસ કરે તો આ કૌભાંડ જરૂર બહાર આવે તેમ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ માટે બેવડી ઋતુમાં રાત દિવસ દોડતા તંત્રની કામગીરી કાબિલેતારીફ



લોકાર્પણ ની તારીખ નજીક આવતા નર્મદા જિલ્લા કલેક્ટર જિલ્લા પોલીસ વડા સહીત ના ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ની ઊંઘ હરામ

રાજપીપળા : નર્મા જિલ્લા માં હાલ છેલ્લા એકાદ મહિના થી સ્ટેચ્યુ ઓફ યુનિટી ના લોકાર્પણ ની તૈયારીઓ પૂરજોશ માં ચાલી રહિ હોય એક તરફ સવારે શિયાળાની ઠંડી અને બપોરે પડી રહેલી આકરી ગરમી ની આ બેવડી ઋતુ માં નર્મદા વહીવટી તંત્ર ના અધિકારીઓ કર્મચારીઓ સહીત પત્રકારો ની પણ ઊંઘ હરામ થઈ જવા પામી ત્યો નર્મદા કલેક્ટર પોલીસ વડા સહીત ના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ રાત દિવસ દોડતા થયા હોય આ બેવડી સીઝન માં ઠેર ઠેર વાયરલ ઈન્ફેકશન ના દર્દીઓ ની સંખ્યા વધતી હોય નર્મદા તંત્ર માટે હાલ ચાલી રહેલી સતત દોડધામ કાબિલે તારીફ કહી શકાય પરંતુ રાત દિવસ દોડધામ ઉજાગરા અને સતત મિટિંગો ના ભારણ વચ્ચે પણ જિલ્લા ના અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના સ્વાસ્થ્ય ની ચિંતા છોડી પી એમ મોદી ના આગમન ની તૈયારીઓ માં દોડી રહ્યા છે જેમાં રોજે રોજ સ્થળ ની મુલાકાત અને નિરીક્ષણ માટે આવતા મંત્રીઓ સાથે બેઠકો નો દોર હજુ યથાવત જ છે ત્યારે હવે સ્ટેચ્યુ ના લોકાર્પણ ને ગણતરી ના દિવસો બાકી હોય વિશ્વ ની સૌથી ઊંચી સરદાર ની પ્રતિમા અને એના લોકાર્પણ માં આવતા પી એમ મોદી સહીત ના લોકો ની જવાબદારી માં ક્યાંક કચાસ ન રહી જાય એ માટે તંત્ર સતત તનતોડ મહેનત કરી પરિવાર ની પણ પરવાહ ન કરી આ કામ માં પોરવાયેલું જોવા મળી રહ્યું છે .ત્યારે ૩૧ ઓક્ટોમ્બર ના આ લોકાર્પણ બાદ તમામ ને મોટી રાહત મળશે .પરંતુ હાલ તો આ કામ માં પોરવાયેલા તમામ ને પોતાના સ્વાસ્થ્ય ની કે પરિવાર ની ચિંતા છોડી ફક્ત સ્ટેચ્યુ ના લોકાર્પણ નિજ ચિંતા હોય હાલ જાયે તો જાયે કહા જેવી સ્તિથી ઉભી થઈ છે .

સતત સ્ટેચ્યુ ની વિઝિટ અને મિટિંગો વ્યસ્ત રહેતા તંત્ર ના અધિકારીઓ કર્મચારીઓ ના સ્વાસ્થ્ય પર પણ અસર થતી હોવા છતાં જાયે તો જાયે કહા જેવો ઘાટ

૩૧ મી ઓક્ટોબર બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે રાષ્ટ્રપતિ સહિત ઉપરાષ્ટ્રપતિ, રાજ્યોના મુખ્યમંત્રીઓ,રાજ્યપાલો સહિતનાં મહાનુભાવો પધારશે : ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા



રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં રાષ્ટ્રાર્પણ કાર્ય આયોજનની સમીક્ષા અર્થે પધારેલા ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, તા.૩૧ મી ઓક્ટોબરે સરદાર પટેલની પ્રતિમાનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં હસ્તે લોકાર્પણના કાર્યક્રમ બાદ અહી દેશના નામી-અનામી મહાનુભાવો સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવી રહ્યાં છે.ત્યારે નવેમ્બર અને ડિસેમ્બર માસ દરમિયાન દેશના રાષ્ટ્રપતિ સહિત ઉપરાષ્ટ્રપતિ, દેશનાં લગભગ તમામ રાજ્યોનાં મુખ્યમંત્રીઓ, માન. રાજ્યપાલઓ પણ સરદાર સાહેબની વિરાટ પ્રતિમાની મુલાકાત લેનાર છે.

તેમને વધુમાં જણાવ્યું હતું કે, મહાનુભાવોની મુલાકાત બાદ અહી દેશનાં ડી.જી.પી. કક્ષાના પોલીસ અધિકારીઓની બેઠક પણ યોજાનાર છે. ઉપરાંત રોજેરોજ અહીં દરરોજ ૧૫૦૦૦ પર્યટકો મુલાકાતે આવી શકે, તેવી વ્યવસ્થા રાજ્ય સરકારે ગોઠવી છે. ત્યારે બધા વાહન વ્યવહારને લક્ષમાં લઈને કેવડીયા સુધી આવતા તમામ માર્ગોનું પણ આધુનિકરણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે વૈશ્વિક પર્યટકોને અહી કોઈ પણ જાતની અવ્યવસ્થા ન સર્જાય તે માટે અલાયદુ ટ્રાફિક પોલીસ સ્ટેશન મંજુર કરીને પર્યટકોને મદદરૂપ થવા અને અહીંના પ્રવાસીઓ સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર થાય તે માટે પણ તકેદારી દાખવવામાં આવી રહી છે.